સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા
વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને
રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ
ફી પેટે સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 16 APR 2012

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૧-૯-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૧૦૨૦૦૫/૭૫૯/ગ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૯/૧૧/૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૧-૧૨/૫૩૮૦

ઠ રા વઃ-

વિચરતી વિમુકત જાતિના સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવાની યોજના અનુસૂચિત જાતિના ધોરણે અમલમાં મૂકવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૯ /૧૧/૨૦૧૧ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખસ્તના અનુંસંધાને વિચરતી- વિમુક્ત જાતિના ૫૦૦ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/-આપવા રૂ. ૨૫૦.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવા તેમજ આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- કરવા અંગેની નવી બાબત વિચારણા હેઠળ હતી.

વિચરતી વિમુકત જાતિના સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવાની યોજના અનુસૂચિત જાતિના ધોરણે વિચરતી- વિમુક્ત જાતિના ૫૦૦ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/-આપવા તેમજ આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૨૫૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના

વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૭; બીસીકે-૧૩૮(એ) વિચરતી વિમુકત જાતિના સેલ્ફફાયનાન્સ કોલેજના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(ખર્ચ )નાણાં વિભાગની તા. ૨-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.